પ્રસ્તાવના :-

સ્વાતંત્ર્યોતર ગુજરાતી કવિતામાં રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, જયન્ત પાઠક અને પ્રિયકાન્ત મણિયારનું સ્થાન મહત્વનું છે. તેમણે પોતાના સમકાલીના કવિઓ કરતાં સવિશેષ કાવ્યાનું સર્જન કર્યું છે અને તેમાં પણ ગુણવત્તાની દૃષ્ટિએ તેમનું પ્રદાન નોંધપાત્ર બન્યું છે. તેમની કવિ પ્રતિભાનો વિશિષ્ટ ઉન્મેષ, ગીતા, સોનેટોમાં જોવા મળે છે. તદઉપરાંત વૃક્ષ, જંગલ, નદી, પ્રકૃતિ તેમજ સવાર, બપોર અને સાંજ વિશેના પ્રકૃતિ કાવ્યોનું સર્જન ઘણી કવિતામાં કર્યું છે અને તેમાં પણ ગુણવત્તાની દૃષ્ટિએ તેમના નવોન્મેષ અદ્વિતીય રીતે પ્રગટ થાય છે. મેં પીએસ.ડી. ના શોધ અભ્યાસના મહાનિબંધ માટે ''અનુગાંધીયુગની પ્રકૃતિ કવિતા : એક અભ્યાસ'' (પસંદગીના કવિઓની કાવ્યરચનાઓના સંદર્ભે)

''રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, ઉશનસ, જયન્ત પાઠક, પ્રિયકાન્ત મણિયાર'' ના વિષય પસંદ કર્યો છે.

મારા આ શોધનિબંધને મેં આઠ પ્રકરણોમાં વિભાજિત કર્યો છે. આ વિભાજન નીચે પ્રમાણે છે.

પ્રકરણ - ૧ ભૂમિકા

૧.૧. પ્રકૃતિ અને કવિતા

૧.૨. ગુજરાતી કવિતામાં પ્રકૃતિનિરૂપણ

પ્રકરણ - ૨ રાજેન્દ્ર શાહની પ્રકૃતિ કવિતા

પ્રકરણ - ૩ નિરંજન ભગતની પ્રકૃતિ કવિતા

પ્રકરણ - ૪ ઉશનસ્‌ની પ્રકૃતિ કવિતા

પ્રકરણ - ૫ જયન્ત પાઠકની પ્રકૃતિ કવિતા

પ્રકરણ - ૬ પ્રિયકાન્ત મણિયારની પ્રકૃતિ કવિતા

પ્રકરણ - ૭ તારણો અને ફલિતાર્થ

પ્રકરણ - ૮ ઉપસંહાર

સંદર્ભગ્રંથ સૂચિ

ઉપરોકત પ્રકરણોમાં જે વિગતનો અભ્યાસ કર્યો છે. તેના ટૂંકસાર અહીં રજૂ કરવામાં આવ્યો છે.

પ્રકરણ – ૧

:: ભૂમિકા ::

અનુગાંધીયુગના આપણા શ્રેષ્ઠ ઊર્મિકવિ છે - રાજેન્દ્ર શાહ, કવિતામાં જે સૌંદર્યાભિનિવેશ પ્રગટયાં અને તેનો સવિશેષ આવિર્ભાવ એમની કવિતામાં જોવા મળે છે. પ્રકૃતિ કાવ્યો ઘણું મહત્વ ધરાવે છે. કવિએ પ્રકૃતિને મન ભરીને માણી છે. તેની પ્રતીતિ એમના કાવ્યો દ્વારા થાય છે. ગુણવત્તાની દૃષ્ટિએ એમનું પ્રદાન નોંધપાત્ર બન્યું છે. વૃક્ષો, મધ્યાહન, જંગલ, નદી વગેરે વિષયો પર ઘણી કવિતઓનું સર્જન કર્યું છે.એમના કાવ્યોના લય અને ભાષા સૌંદર્ય અનુગામીઓ પર જે પ્રભાવ પાડયો છે અને ભાવકોને ડોલાવ્યા છે. તેમાં એમની પ્રસિધ્ધિ જોવા મળે છે.

ગુજરાતી કવિતામાં નિરંજન ભગતનું સ્થાન ખૂબ મહત્વનું છે. એમણે પાશ્ચાત્યા વિભાવના મુજબનાં ગીતોના નમૂના પૂરા પાડયા છે. ગાઈ શકાય તે જ ગીત એવો ભ્રમ એમણે દૂર કર્યો છે. તેમની કાવ્યકૃતિઓમાં ભાવ કે વિચાર સુંદર કલ્પનરૂપે મઢાઈને સાફસુથરા છંદોલયની સંઘેડો ઉતાર ચમકવાળો આકાર ધારણ કરે છે. તો રાજેન્દ્ર શાહની કવિતા અષાઢી મેઘનો રોમેન્ટિક આવિષ્કાર લાગે છે.

ઉશનસ અનુગાંધી યુગના અગ્રણી કવિ તરીકે ગુજરાતી સાહિત્ય જગતમાં પ્રસ્થાપિત થઈ ચૂકયા છે. ઉશનસની કવિતા એટલે જ 'વતન સ્વજન અને પ્રકૃતિના સમન્વય' તેમની કવિતા કે સ્મૃતિકથા પદ્ય-ગદ્ય બન્નેમાં નિસર્ગના પર્યાયરૂ એમની સર્જકપ્રતિભા પ્રગટે છે. પ્રકૃતિ, પ્રણય અને પરમતત્વ એ ત્રણેનું અદ્વૈત સાયુજય તેમની કવિતામાં સધાયું છે.

કવિ જયન્ત પાઠક અનુગાંધીયુગની સાથે નાતો જોડીને તેનો પ્રભાવ ગ્રહણ કરીને કાવ્યયાત્રા આરંભી અને આધુનિકયુગમાં એક સાચા આધુનિક કવિ તરીકે પણ પ્રસ્થાપિત થઈ, એટલે આ કવિમાં અનુગાંધીયુગ અને આધુનિકયુગ બન્નેનાં સુમેળ સુભગ સમન્વય થયો છે. નિસર્ગ લીલાનું સૌંદર્ય વૈવિધ્યસભર રીતિએ સ્ફૂટ કરતાં આ કવિ પ્રકૃતિનાં સંદર્ભો આ લેખે છે. તો વળી વતન પ્રેમના આલેખન નિમિતે પણ પ્રકૃતિચિત્રણો જોવા મળે છે.

પ્રિયકાન્ત મણિયાર ગુજરાતી સાહિત્યના અનુગાંધીયુગના નામાંકિત કવિ છે. પ્રિયકાન્ત મણિયારના કાવ્યોમાં પ્રકૃતિ, પ્રણય, પ્રેમલક્ષણા ભક્તિ તેમજ સમાજદર્શન જોવા મળે છે. પ્રિયકાન્ત મણિયાર પ્રકૃતિરાગી કવિ છે. એમનાં પ્રણય, શૃંગાર, વિષયક કાવ્યોમાં પ્રકૃતિનાં વિવિધ તત્વોનો પ્રતીક તરીકે વિનિયોગ કરવામાં આવ્યો છે. ઈન્દ્રિયગ્રહ્યતાએ પ્રિયકાન્ત મણિયારની કવિતાની એક મોટી લાક્ષણિકતા છે. પોતાની સ્વતંત્ર મુદ્રા ઉપસાવી પ્રિયકાન્ત મણિયારની કવિતા રાજેન્દ્ર - નિરંજનયુગની કવિતામાં એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

૧.૧. પ્રકૃતિ અને કવિતા :-

આ પ્રકરણમાં 'પ્રકૃતિ અને કવિતા' નો સમાવેશ કર્યો છે. પ્રકૃતિ કવિતાની લાક્ષણિકતા અને ગુજરાતી કવિતામાં પ્રકૃતિનો સમાવેશ કેવી રીતે થયો છે. તેનો અભ્યાસ કર્યો છે. રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, ઉશનસ, જયન્ત પાઠક, પ્રિકાન્ત મણિયારની પ્રકૃતિકવિતાના મૂલ્યાંકન વેળા સૌ પ્રથમ પ્રકૃતિકવિતાની ચર્ચા-વિચારણા મહત્વની ગણાય છે. પ્રકૃતિ કવિતાનું વૈવિધ્ય પ્રકૃતિની માનવચિત્ત પર અસર પ્રકૃતિ એટલે માનવેતર જગત, માનવીનો પ્રકૃતિ સાથેનો આવિનાભાવી સંબંધ, પ્રકૃતિ કવિતાની લાક્ષણિકતામાં શુદ્ધ પ્રકૃતિકાવ્ય અને મિશ્ર પ્રકૃતિકાવ્યનું ઊંચું સ્થાન સૌંદર્ય સર્જનમાં અર્થપૂર્ણ રીતે થયું છે. ઋગ્વેદમાં પ્રકૃતિ, મહાભારતમાં - રામાયણમાં પ્રકૃતિનિરૂપણ, સંસ્કૃત કાવ્યોમાં પ્રકૃતિનો વૈભવ, અંગ્રેજી કવિતા પ્રકૃતિનિરૂપણની પૂર્વપરંપરાઓનું નિરૂપણ કર્યું છે. જેની આ પ્રકરણમાં મૂલવાણી કરવામાં આવી છે.

૧.૨. ગુજરતી કવિતામાં પ્રકૃતિનિરૂપણ :-

આપણા સમગ્ર સાહિત્યમાં વિવિધ ઋતુઓ, વૃક્ષો, ફૂલ, સૂર્ય, ચંદ્ર, આકાશ, ધરતી, નદી, સાગર આ સર્વ એક પાત્ર તરીકે, પ્રતીક તરીકે કલાકૃતિના અંગભૂત તત્વ બની સ્ફૂટ થતાં રહયાં છે. સૌંદર્યપ્રેમી કવિઓએ પ્રકૃતિનાં બે રીતે વિનિયોગ કર્યો છે. એક તો નિસર્ગ લીલાનું માત્ર સૌંદર્ય નિરૂપણ અને બજું કાવ્યના ભાવને પ્રગટ કરવાની એક પ્રયુક્તિ તરીકે પ્રકૃતિ તત્વોને પ્રતીક તરીકે વ્યંજિત કરીને કવિઓએ આલેખન કર્યું છે.

પ્રકૃતિનું સૌંદર્ય આપણી ઘણી કવિતાઓમાં જોવા મળે છે. કલાપી, ન્હાનાલાલ અને બળવંતરાયે મનભરીને ગુજરાતની પ્રકૃતિનું નિરૂપણ કર્યું છે. ગુજરાતી સાહિત્યમાં પ્રકૃતિકાવ્યો વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. અર્વાચીનકાળના કવિઓમાં નર્મદનું સ્થાન પહેલું છે. ગુજરાતમાં વર્ષા જ વધુ સુંદર હોય છે અને તેમાં પુષ્કળ આકર્ષણ આપણા પ્રાચીન મધ્યકાલીન તેમજ લોકકવિઓએ આપ્યાં છે. જમશેદજી પતીતથી ભિન્ન પ્રકૃતિના અને કૃતિના કવિ છે. બાલાશંકર કંથારિયા એમનું મહત્વકાંક્ષી અને ઉત્તમ સર્જન છે. દોલતરામ અને ભીમરાવ મહાકાવ્યના પ્રયત્નકાર તરીકે ગુજરાતી કવિતામાં આગવું મહત્વ ધરાવે છે.

નરસિંહરાવ પ્રકૃતિના પ્રથમ સંપન્ન કવિ છે. સર્વત્ર પ્રકૃતિ નિરૂપણમાં સજીવારોપણ કે માનવભાવારોપણ નરસિંહરાવમાં અને તેમના પછીના ઘણા કવિઓમાં જોવા મળે છે. ગોવર્ધનરામ ત્રિપાઠી પણ આપણી પ્રકૃતિ કવિતામાં ઊંચુ સ્થાન મેળવે એવા છે. કાન્તનું પ્રકૃતિનિરૂપણ પ્રસન્ન મધુર અને હૃદયસ્પર્શી છે. તેથી તેઓ પ્રકૃતિના ઉપાસક અને નિરૂપક તરીકે આપણા કવિઓમાં ઉચ્ચસ્થાન પામે છે.

કલાપી કવિઓમાં સૌથી લોકપ્રિય કવિ છે. અનુભવની સચ્ચાઈ એમના પ્રકૃતિ કાવ્યમાં જોવા મળે છે. કલાપીએ પ્રકૃતિને મનભરીને માણી છે. અર્વાચીન કવિતાના એક મહાન કવિ ન્હાનાલાલની કવિતામાં પ્રકૃતિનિરૂપણની વિવિધતા અને સમૃધ્ધિ જોવા મળે છે. પ્રકૃતિનું સૂક્ષ્મ અવલોકન કરનાર અને હૃદયભાવ પ્રગટાવનાર ન્હાનાલાલને સમર્થ પ્રકૃતિ કવિ તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતી ભાષાના થોડાક ઉત્કૃષ્ટ અને મોટા કવિઓની પ્રતિભા-પ્રભાથી આ યુગની કવિતા પ્રોજ્જવલ બની છે ; પ્રકૃતિનિરૂપણમાં વિધવિધ શક્તિ વૈશિષ્ટયવાળા કવિઓએ પ્રકૃતિના નવાનવા રૂપરંગ આલેખ્યાં છે.

ગાંધીયુગના પ્રમુખ કવિઓ સુન્દરમ અને ઉમાશંકર જોશી છે. સુન્દરમની કવિતા વૈવિધ્યવાળી અને સુંદર છે. ઉમાશંકર જોશીને કાવ્ય સર્જનની પ્રથમ પ્રેરણા જ પ્રકૃતિમાંથી મળી છે. સ્નેહરશ્મિની કવિતામાં પ્રકૃતિનિરૂપણમાં એમનો ઉત્સાહ જોવા મળે છે. પ્રકૃતિનો માર્મિક રસાનુભવ શ્રીધરણીઓ કર્યો છે. કાવ્યમાં તેમની કલ્પના, છંદલય અને ભાષાની તાજગીભરી સભરતાનો અનુભવ કરાવે છે. આ યુગની કવિતામાં પ્રકૃતિનું એકંદર આલેખન વિપુલ અને વૈવિધ્યવંતુ છે.

સ્વાતંત્ર્યોત્તર યુગના મુખ્ય કવિઓ રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, ઉશનસ, જયન્ત પાઠક અને પ્રિયકાન્ત મણિયારની પ્રકૃતિકવિતાના મૂલ્યાંકનમાં ગુજરાતી કવિતામાં નામાંકિત કવિઓ દ્વારા પ્રકૃતિનું હૃદયસ્પર્શી રીતે નિરૂપણ થયું છે. તેમાં સંધિકાળના કવિઓ, સ્વાતંત્ર્યોત્તર યુગની પ્રકૃતિકવિતાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જેની આ પ્રકરણમાં મૂલવણી કરવામાં આવી છે.

પ્રકરણ – ૨

:: રાજેન્દ્ર શાહની કવિતામાં પ્રકૃતિનિરૂપણ ::

આ પ્રકરણમાં રાજેન્દ્ર શાહની પ્રકૃતિકવિતાનો સમાવેશ કર્યો છે. રાજેન્દ્ર શાહની પ્રકૃતિકવિતાના મૂલ્યાંકન વેળા સૌ પ્રથમ પ્રસ્તાવનામાં એમની સર્જકપ્રતિભાનો અણસાર આપ્યો છે અને ત્યાર બાદ એમનાં જીવન વિષયક અને એમની સર્જકપ્રતિભાને ઘડનારાં પરિબળોની ચર્ચા કરી છે. એમની સર્જનપ્રતિભાના પરિપાક રૂપે ‘ધ્વનિ’, ‘આંદોલન’, ‘શ્રુતિ’, ‘શાંત કોલાહાલ’, ‘ચિત્રણા’, ‘ક્ષણ જે ચિરંતન’, ‘વિષાદને સાદ’, ‘મધ્યમા’, ‘ઉદ્‌ગીતી’, ‘ઇક્ષણા’, ‘પત્રલેખા’, ‘પ્રસંગ સપ્તક’, ‘કિંજલ્કિની’, ‘વિભાવન’, ‘દ્રાસુપર્ણા’, ‘નિલાંજના’, ‘આરણ્યક, હા.... હું સાક્ષી છું’, જેવા કાવ્યસંગ્રહો આપ્યા છે. એમણે વિષયવસ્તુને સચોટ, સરળ, અસરકારક અને હૃદયસ્પર્શી રીતે અભિવ્યક્ત કરવામાં જે કાવ્યસ્વરૂપનોનો વિનિયોગ કર્યો છે, તેની મૂલવણી કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

રાજેન્દ્ર શાહની પ્રકૃતિકવિતામાં ઋતુ વિષયક કાવ્યો, દિવસ-રાત્રિના વિવિધ પ્રહરો વિશેનાં કાવ્યો, દરિયાઈ ગીતો, પક્ષી અને પ્રાણી વિશેનાં કાવ્યો, વૃક્ષ વિષયક કાવ્યો, સ્થળ વિશેનાં પ્રકૃતિકાવ્યો, પ્રણય વિશેનાં પ્રકૃતિકાવ્યો, અધ્યાત્મચિંતન વિશેનાં પ્રકૃતિકાવ્યો અને પ્રકૃતિનાં અન્ય તત્ત્વોની કવિતાનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રથમ ઋતુ વિષયક કાવ્યોમાં 'શ્રાવણી મધ્યાહને', 'આયોજી વૈશાખલાલ આયોજી', 'પૂર્ણિમા નિત્ય રમ્ય', 'વર્ષા પછી' કાવ્યોમાં સૈંદર્યલક્ષી અને હૃદયસ્પર્શી નિરૂપણ થયું છે.

દિવસ-રાત્રિના વિવિધ પ્રહારો વિશેનાં કાવ્યોમાં 'યામિનીને કિનારે', 'પાનખરની સંધ્યા', 'તમસો મા.....', 'હે અંધકાર', 'કને નવ શું માહરી ? વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. એમની કવિતામાં સૈંદર્યલક્ષી નિરૂપણ કર્યું છે. એમની સર્જકપ્રતિભા અમેનાં કાવ્યોમાં વર્તાય છે.

દરિયાઈ ગીતોમાં 'ખારવાનાં ગીત', 'હે એઈષા', 'વીળનાં આવ્યાં વ્હેણ', 'પ્રતીક્ષા', 'લ્હેરખી' કાવ્યોનો સમાવેશ થયો છે. દરિયાને પ્રતીક તરીકે લઈને માનવીના મનની પરિસ્થિતિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જેની વિવેચના કરવામાં આવી છે.

પક્ષી અને પ્રાણીનાં કાવ્યોમાં 'નાગ', 'ગરુડ', 'કાગ અને નાગ', 'ગલ વાયસ' વગેરે કાવ્યોની વિશેષતા અસરકારક છે. પ્રકૃતિના પ્રતીક દ્વારા માનવમનની ભાવનાઓનું નિરૂપણ કર્યું છે, તેની પણ સમાલોચના કરી છે.

વૃક્ષ વિષયક કાવ્યોમાં 'શીમળો જોગી', 'કેસૂડો', 'તમાલ' કાવ્ય નોંધપાત્ર છે. પ્રકૃતિ પ્રતીક તરીકેનો વિનિયોગ કરીને માનવહૃદયની લાગણીઓને વાચા આપી છે. પ્રકૃતિ માનવીના મનની ભાવનાને નવી દિશા આપે છે તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે તથા તેવા પ્રકૃતિકાવ્યોની સમીક્ષા પણ કરી છે.

સ્થળ વિશેની પ્રકૃતિકાવ્યમાં 'વિજન અરણ્ય', 'બીડમાં', 'વનખંડન' કાવ્યમાં પ્રકૃતિ પ્રત્યેની અનહદ લાગણી અને તેનું કલાત્મક નિરૂપણ આ કાવ્યોમાં કરવામાં આવ્યું છે, તેની પણ મૂલવણી કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

પ્રણયમાં પ્રકૃતિનિરૂપણના કાવ્યમાં 'પીળી છે પાંદડી', 'ઈંધણા વીણવા ગૈતી', 'અલ્યા મેહુલા', 'ભતવારીનું ગીત', 'કેવડિયાનો કાંટો' વગેરે કાવ્યમાં પ્રણય દ્વારા પ્રકૃતિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. પ્રણય દ્વારા માનવમનની ભાવનાઓનું નિરૂપણ કર્યું છે, તેની પણ સમલોચના કરી છે.

અધ્યાત્મચિંતન વિશેનાં પ્રકૃતિકાવ્યોમાં 'આપણે આવળ બાવળ બોરડી', 'આડે ઊભા સાગ શાલ્મલી', 'પોયણીએ ઊંચું જોયું રે આકાશમાં' કાવ્યોમાં પરમાત્માને પામવાની ઝંખના કરવામાં આવી છે, તેની પણ સમીક્ષા કરી છે.

પ્રકૃતિનાં અન્ય તત્ત્વોની કવિતામાં ‘તને જોઈ જોઈ તોય તું અજાણી’, ‘શરત’, ‘વનવાસીનાં ગીતો’, ‘મહેક’ કાવ્યોમાં પ્રકૃતિનું નિરૂપણ કર્યું છે. પ્રકૃતિ સૈંદર્ય અને માનવ સૈંદર્યને મનભર માણીને આનંદની અનુભૂતિ કરે છે. તેની સમીક્ષા કરવાનો યથાર્થ પ્રયાસ કર્યો છે.

રાજેન્દ્ર શાહની કાવ્ય ઈબારતનો સમાવેશ કર્યો છે. એમનાં કાવ્યોમાં છંદ, અલંકાર, પ્રતીક-કલ્પનનો ઉપયોગ જોવા મળે છે. છંદના શિસ્ત અને ગીતના લયનાં લાલિત્ય બન્ને જોવા મળે છે. અલંકાર દ્વારા પ્રકૃતિકાવ્યોમાં નવું સજીવારોપણ કર્યું છે. પ્રતીક-કલ્પન દ્વારા આંતરિક ભાવોનું નિરૂપણ કર્યું છે. જેની પણ સમીક્ષા કરવામાં આવી છે.

રાજેન્દ્ર શાહની પ્રકૃતિકવિતામાં ગીત, સૉનેટ, સંવાદકાવ્યો, ઉદ્‌બોધન કાવ્યો, દીર્ઘકાવ્યો, ગઝલ સ્વરૂપ વિશે પણ સમીક્ષા કરવાનો યથાર્થ પ્રયાસ કર્યો છે.

પ્રકરણ – 3

:: નિરંજન ભગતની કવિતામાં પ્રકૃતિનિરૂપણ ::

આ પ્રકરણમાં નિરંજન ભગતની કવિતામાં પ્રકૃતિનિરૂપણનો સમાવેશ કરવામાં આવ્યો છે. નિરંજન ભગતની પ્રકૃતિ કવિતાના મૂલ્યાંકન વેળા સૌ પ્રથમ પ્રસ્તાવનામાં એમની સર્જકપ્રતિભાનું અને ત્યાર પછી જીવનરેખા અને સાહિત્યસેવાનું નિરૂપણ કર્યું છે. એમની કવિતા પર પડેલ પશ્ચિમના પ્રભાવની ચર્ચા કરી છે. એમની સર્જકપ્રતિભાના પરિપાક રૂપે ‘છંદોલય’, ‘કિન્નરી’, ‘અલ્પવિરામ’, ‘પ્રવાલદ્વીપ’, ‘૩૩ કાવ્યો’ જેવા કાવ્યસંગ્રહો મળ્યા છે અને કાવ્યસંગ્રહોમાં વિષયવસ્તુની દૃષ્ટિએ પ્રકૃતિકવિતાનું કેવી રીતે નિરૂપણ થયું છે તેઓ પણ ઉલ્લેખ કર્યો છે. પશ્ચિમનો પ્રભાવ એમનાં કાવ્યોમાં અસરકારક અને હૃદયસ્પર્શી રીતે અભિવ્યક્ત કરવામાં આવ્યો છે, તેની પણ મુલવણી કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

નિરંજન ભગતની પ્રકૃતિકવિતામાં ઋતુવિષયક કાવ્યો, સવાર, બપોર, સાંજ વિશેનાં કાવ્યો, ફૂલ વિષયક કાવ્યો, પશુ-પંખી વિશેનાં કાવ્યો, પ્રકૃતિનાં અન્ય તત્ત્વોની કવિતાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઋતુ વિષયક કાવ્યોમાં ‘વસંતરંગ’, ‘અષાઢ આયો’, ‘જાગૃતિ’, ‘મેઘલી રાતે’ વગેરે કાવ્યોમાં એમણે ભાવમાધુર્ય દ્વારા સરળ અને અસરકારક રીતે નિરૂપણ કર્યું છે, તેની સમીક્ષા કરી છે.

સવાર, બપોર, સાંજ વિશેનાં કાવ્યોમાં ‘ગાયત્રી’, ‘તારલી’, ‘ગ્રીષ્મ મધ્યાહ્ન’, ‘તડકો’ વગેરેમાં પ્રકૃતિનાં પ્રભાવક ચિત્રો પ્રાપ્ત થાય છે. એમની સર્જકપ્રતિભા એમનાં કાવ્યોમાં પ્રત્યક્ષ થાય છે.

ફૂલ વિષયક કાવ્યો ‘ન ફૂલ ને’, ‘ફૂલ હો’, ‘કોઈ શું જાણે’, ‘અંધકારે’ માં સૌંદર્યલક્ષી અને હૃદયસ્પર્શી નિરૂપણ થયું છે. ફૂલોના પ્રતીકાત્મક ઉપયોગ અને અર્થછાયાઓ પ્રગટાવી છે, તેની સમક્ષા કરી છે.

પશું-પંખી વિશેનાં કાવ્યો ‘મ્યુઝિયમ’, ‘ઝૂમાં’, ‘એરોડ્રામ પર’, ‘પારેવા’, ‘કરોળિયો’, ‘મોર’માં મનુષ્યની લાગણી વાસ્તવિકતાની વાત કરી છે. પ્રકૃતિના પ્રતીક દ્વારા માનવમનની ભાવનાઓનું નિરૂપણ કર્યું છે, તેની પણ સમાલોચના કરી છે.

પ્રકૃતિનાં અન્ય તત્ત્વોની કવિતા ‘આધુનિક અરણ્ય’, ‘સોણલું’, ‘માઘની પૂર્ણિમા’, ‘મુંબઈનગરી’ વગેરેમાં ધરતીની પ્રીત અને માનવપ્રીત જોવા મળે છે. પ્રકૃતિ સૈંદર્ય અને માનવ સૈંદર્યને મનભર માણીને આનંદની અનુભૂતિ કરે છે, તેની પણ સમીક્ષા કરી છે.

નિરંજન ભગતનાં કાવ્યોમાં છંદ-લય વૈભવ, અલંકાર, પ્રતીક-કલ્પન, ઘટક-તત્ત્વોનો ઉપયોગ જોવા મળે છે. છંદોમાં એમણે નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. એમણે છંદોનો વિશિષ્ટ પ્રકારે વિનિયોગ કર્યો છે. લય એમની રચનાનું આકર્ષક તત્ત્વ છે. અલંકાર દ્વાર પ્રકૃતિકાવ્યોમાં નવું સજીવારોપણ કર્યું છે. અલંકાર સૃષ્ટિ અમેની કવિ-પ્રતિભાનો સંતર્પક પરિચય કરાવે છે. પ્રતીક-કલ્પન દ્વારા મનુષ્યના બાહ્ય અને આંતરિક ભાવોનું નિરૂપણ કર્યું છે, તેની પણ સમાલોચના કરી છે.

નિરંજન ભગતની પ્રકૃતિકવિતાના સ્વરૂપમાં ગીત, સૉનેટ, મુક્તક તથા લઘુકાવ્યો, દીર્ઘકાવ્યો અને અન્ય કાવ્યપ્રકારનો સમાવેશ કરી તેની પણ સમાલોચના કરી છે.

પ્રકરણ – ૪

:: ઉશનસ્‌ની કવિતામાં પ્રકૃતિનિરૂપણ ::

આ પ્રકરણમાં ઉશનસ્‌ની પ્રકૃતિકવિતાનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં સૌ પ્રથમ પ્રસ્તાવનામાં સર્જકપ્રતિભાનો પરિચય આપ્યો છે અને ત્યાર બાદ એમના જીવન-વિષયક અને સર્જકપ્રતિભાને ઘડનારાં પરિબળોની ચર્ચા કરી છે. ઉશનસ્‌ની સર્જક-પ્રતિભાના પરિપાક સ્વરૂપે ‘પ્રસૂન’, ‘નેપથ્ય’, ‘મનોમુદ્રા’, ‘આદ્રા’, ‘તૃણાનો ગ્રહ’, ‘સ્પંદ અને છંદ’, ‘કિંકણી’, ‘ભારતદર્શન’, ‘અશ્વત્થ’, ‘રૂપના લય’, ‘વ્યાકુલ’, ‘વૈષ્ણવ’, ‘પૃથ્વીને પશ્ચિમ ચહેરે’, ‘શિશુલોક’, ‘આરોહ-અવરોહ’, ‘પૃથ્વી ગતિનો છંદોલય’, ‘એક માનવીને લેખે’, ‘રૂપ-અરૂપ વચ્ચે’, ‘સમસ્ત કવિતા’, ‘મારી પૃથ્વી’, ‘મારું આકાશ’, ‘મને ઈચ્છાઓ છે’, ‘મારા નક્ષત્રો’, ‘ચહેરો અને રસ્તો’, ‘રામકૃષ્ણ દર્શન દોહન’, ‘એકસ્ટસી અને અછાંદસી’, ‘વેદના એ તો

વેદ', 'ઉશનસ્‌નાં કાવ્યો', 'ઉપાન્ત્ય', 'ગઝલને વળાંકે' જેવા કાવ્ય સંગ્રહો આપ્યા છે અને એ કાવ્યસંગ્રહોમાં વિષયવસ્તુની દૃષ્ટિએ પ્રકૃતિકવિતા વગેરેનું કેવી રીતે નિરૂપણ થયું છે, તેનો પણ ઉલ્લેખ કર્યો છે.

ઉશનસ્‌ની પ્રકૃતિકવિતામાં ઋતુવિષયક કાવ્યો, દિવસ-રાત્રિના વિવિધ પ્રહારો વિશેનાં કાવ્યો, ફૂલ વિશેનાં કાવ્યો, સ્થળ વિષયક પ્રકૃતિ કાવ્યો, વૃક્ષ વિષયક કાવ્યો, પ્રકૃતિનાં અન્ય તત્ત્વો વિશેનાં કાવ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઋતુ વિષયક કાવ્યો 'આવ્યો વસંત', 'વસંત (પંચમી)ના પવનો', 'ચૈત્રવર્ણન'માં સૈંદર્યલક્ષી અને હૃદયસ્પર્શી નિરૂપણ કર્યું છે, તેની વિવેચના કરવામાં આવી છે.

દિવસ-રાત્રિના વિવિધ પ્રહારો વિશેનાં કાવ્યોમાં 'મધ્યાહ્ન ગ્રામ', 'પ્રશાન્ત ક્ષણ', 'પ્રભાત', 'કેદી' વગેરેમાં પ્રકૃતિનું રોમાંચક દૃશ્ય પોતાની સૌંદર્યદૃષ્ટિથી નિરૂપણ કર્યું છે. એમની સર્જકપ્રતિભા એમનાં કાવ્યોમાં પ્રત્યક્ષ થાય છે.

ફૂલ વિશેના કાવ્યો 'પુષ્પ', 'કર્મનો છંદોલય' માં ફૂલોના વૈભવનું વર્ણન અને ફૂલોનો પ્રતીકાત્મક ઉપયોગ કર્યો છે, તેની યથાર્થતા તપાસી છે.

સ્થળવિષયક પ્રકૃતિકાવ્યોમાં 'ભારતદર્શન', 'કાળતખ્ત દિલ્હી', 'તાજમહલ', 'શાંતિનિકેતનમાં પ્રભાત' વગેરે કાવ્યોમાં ઐતિહાસિક સ્થળોના ગૌરવનું સ્મરણ કરાવ્યું છે. જેનું કલાત્મક નિરૂપણ કરવામાં આવ્યું છે તેની પણ મૂલવણી કરવામાં આવી છે.

વૃક્ષવિષયક કાવ્યોમાં 'અનહદની સરહદે', 'વનમાં સડક', 'પહાડોની પેલે પાર', 'અશ્વત્થ' વગેરેમાં પ્રકૃતિનો પ્રતીક તરીકેનો વિનિયોગ કરીને માનવહૃદયની લાગણીઓને વાચા આપી છે, તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે તેવા પ્રકૃતિકાવ્યોની સમીક્ષા કરી છે.

પ્રકૃતિના અન્ય તત્ત્વો વિશેનાં કાવ્યોમાં 'પૃથ્વીને પશ્ચિમ ચહેરે', 'બોલ્ટનમાં એક પ્રભાત', 'વિશ્વ શાન્તિ : એક તંદ્રા', 'ગ્રેહાઉન્ડ બસમાં એક રાત' વગેરેમાં વતન અને વિદેશમાં પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ અને તેના ગૌરવ વિશેનું નિરૂપણ કરવામાં આવ્યું છે, તેની સમીક્ષા કરવાનો યથાર્થ પ્રયાસ કર્યો છે.

ઉશનસ્‌ની કાવ્ય ઈબારતમાં છંદ, અલંકાર, કલ્પન-પ્રતીક ઘટકતત્ત્વોનો ઉપયોગ જોવા મળે છે. છંદો પર તેમનું પ્રભુત્વ જોવા મળે છે. છંદોમાં તેમની નોંધપાત્ર સિદ્ધિ પ્રકૃતિકાવ્યોમાં જોવા મળે છે. એમની અલંકાર સૃષ્ટિ અતિસહજ છે. એમની કવિતામાં કલ્પનોનું પ્રમાણ સવિશેષ છે, તેની પણ સમીક્ષા કરવામાં આવી છે.

ઉશનસ્‌ની પ્રકૃતિકવિતાના સ્વરૂપમાં સૉનેટ, ગીત, અન્ય સ્વરૂપો-હાઈકુ, મુક્તક, ગઝલ, અછાંદસ રચનાઓ, એક્સ્ટસી રચનાઓ મળે છે, તેની પણ મૂલવણી કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

પ્રકરણ – ૫

:: જયન્ત પાઠકની કવિતામાં પ્રકૃતિનિરૂપણ ::

આ પ્રકરણમાં જયન્ત પાઠકની પ્રકૃતિકવિતાનો સમાવેશ કરવામાં આવ્યો છે. સૌ પ્રથમ પ્રસ્તાવનામાં સર્જકપ્રતિભાનો પરિચય આપ્યો છે અને ત્યાર પછી એમના જીવન-વિષયક અને એમની સર્જકપ્રતિભાને ઘડનારાં પરિબળોની ચર્ચા કરી છે. એમની સર્જક-પ્રતિભાના પરિપાકરૂપે 'મર્મર', 'સંકેત', 'વિસ્મય', 'સર્ગ', 'અંતરીક્ષ', 'અનુનય', 'મૃગયા', 'શૂળી ઉપર સેજ', 'બે અક્ષર આનંદના', 'ધ્રુતવિલંબિત' જેવા કાવ્યસંગ્રહો આપ્યા છે, તેની પણ મૂલવણી કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

જયન્ત પાઠકની પ્રકૃતિકવિતામાં ઋતુવિષયક કાવ્યો, વૃક્ષ વિશેનાં કાવ્યો, પશુ-પંખીની કવિતા, જળ વિષયક કાવ્યો, સ્થળ વિશેનાં પ્રકૃતિકાવ્યો, પ્રણય વિશેનાં પ્રકૃતિકાવ્યો, પ્રકૃતિના અન્ય તત્ત્વોની કવિતાનો સમાવેશ કરવામાં આવ્યો છે. 'ઉનાળો ચિત્રોમાં', 'ઉનાળાનો દિવસ', 'ગ્રીષ્મ', 'રેવાતટે મધ્યાહ્ન સંધ્યા', 'કયાં છે' વગેરે ઋતુવિષયક કાવ્યોમાં સૌંદર્યલક્ષી અને હૃદયસ્પર્શી નિરૂપણ કર્યું છે, તેની વિવેચના કરવામાં આવી છે.

'ડાંગમાં', 'ચાંદ', 'વસંતવનમાં', 'ડાંગમાં પૂર્ણાકાંઠે બપોર' વગેરે વૃક્ષ વિશેનાં કાવ્યોમાં પ્રકૃતિનો પ્રતીક તરીકેનો વિનિયોગ કરીને માનવહૃદયની લાગણીઓનું નિરૂપણ કર્યું છે, તેની સમીક્ષા કરવામાં આવી છે.

પશુ-પંખીની કવિતા 'ગજેન્દ્રમોક્ષ', 'પાણીમાં માછલી', 'પાનપંખી', 'જીવજંતુની કૌતુક કવિતા' માં મનુષ્યની લાગણીના ભાવોની વાસ્તવિકતાની વાત કરી છે, તેની પણ સમાલોચના કરી છે.

'થીજી ગયો સમય', 'એક સવારે નદી', 'નર્મદા નામ ધન્યા', 'ભીનું ભીનું' વગેરે જળવિષયક કાવ્યોમાં માનવીના મનના સૌંદર્યલક્ષી ભાવોનું નિરૂપણ કરવામાં આવ્યું છે, તેની વિવેચના કરવામાં આવી છે.

'અજંતા', 'ચંદીગઢમાં', 'પાવાગઢના જંગલમાં' , 'પ્રિયજનની પગલીઓ' જેવા સ્થળ વિશેનાં પ્રકૃતિકાવ્યોમાં ઐતિહાસિક સ્થળોનું હૃદયસ્પર્શી નિરૂપણ કરવામાં આવ્યું છે. ચક્ષુગોચર, કર્ણગોચર ચિત્રો ખૂબ જ સુંદર રીતે નિરૂપણ પામ્યા છે, તેની પણ મૂલવણી કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

'આનંદ છે', 'આદર્શ યુવતી', 'વસંત', 'તને ચાહી ચાહી' વગેરે પ્રણય વિશેનાં પ્રકૃતિકાવ્યોમાં મનાવમનની લાગણીઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે, તેની પણ સમાલોચના કરી છે.

'પિતાજીની શ્રાદ્ધતિથિએ', 'બચુભાઈનું ગૃહાગમન', 'વણઝારી વાવ', 'કીકીમાં', 'કહાન હવે' વગેરે પ્રકૃતિના અન્ય તત્ત્વોની કવિતામાં પ્રકૃતિ સૌંદર્ય અને માનવ સૌંદર્યને મનભર માણીને આનંદની અનુભૂતિ કરે છે, તેની સમીક્ષા કરવાનો યથાર્થ પ્રયાસ કર્યો છે.

જયન્ત પાઠક કાવ્યોમાં છંદ, પ્રતીક-કલ્પન ઘટકતત્ત્વોનો ઉપયોગ જોવા મળે છે. છંદોમાં એમણે સિદ્ધિ મેળવી છે. પ્રતીક-કલ્પન દ્વારા મનુષ્યના બાહ્ય અને આંતરિક ભાવોનું નિરૂપણ કર્યું છે, તેની પણ સમાલોચના કરી છે.

જયન્ત પાઠકની પ્રકૃતિકવિતાના સ્વરૂપમાં ગીત, સૉનેટ, ગઝલ, અછાંદસ રચનાઓ મળે છે, તેની પણ સમીક્ષા કરવામાં આવી છે.

પ્રકરણ – ૬

:: પ્રિયકાન્ત મણિયારની કવિતામાં પ્રકૃતિનિરૂપણ ::

આ પ્રકરણમાં પ્રિયકાન્ત મણિયારની પ્રકૃતિકવિતાનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રિયકાન્ત મણિયારનું જીવન અને કવનનો સમાવેશ કર્યો છે. એમની પ્રકૃતિકવિતાના મૂલ્યાંકન વેળા સૌ પ્રથમ પ્રસ્તાવનામાં પ્રિયકાન્ત મણિયારની સર્જકપ્રતિભાનો અણસાર આપ્યો છે અને ત્યાર પછી એમના જીવન વિષયક અને એમની સર્જકપ્રતિભાને પ્રેરનારાં પરિબળોની ચર્ચા કરી છે. એમની સર્જકપ્રતિભાના પરિપાકરૂપે 'પ્રતીક', 'અશબ્દરાત્રી', 'સ્પર્શ', 'સમીપ', 'પ્રબલગતિ', 'વ્યોમલિપિ', 'લીલેરો ઢાળ' જેવા કાવ્યસંગ્રહો આપ્યા છે અને એ કાવ્યસંગ્રહોમાં વિષયવસ્તુની દૃષ્ટિએ પ્રણયકવિતા અને પ્રકૃતિકવિતા વગેરેનું કેવી રીતે નિરૂપણ થયું છે, તેનો પણ ઉલ્લેખ કર્યો છે. પ્રિયકાન્ત મણિયારે વિષયવસ્તુને સચોટ, સરળ, અસરકારક અને હૃદયસ્પર્શી રીતે અભિવ્યક્ત કરવામાં જે કાવ્યસ્વરૂપોનો વિનિયોગ કર્યો છે, તેની પણ મૂલવણી કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

પ્રિયકાન્ત મણિયારની પ્રકૃતિકવિતામાં ફૂલોની કવિતા, જળવિષયક કાવ્યો, સૂર્યવિષયક કાવ્યો, વૃક્ષવિષયક કાવ્યો, સવાર, બપોર, સાંજ વિશેનાં કાવ્યો, પશુ-પંખીની કવિતા અને અન્ય તત્ત્વોની કવિતાનો સમાવેશ કરવામાં આવ્યો છે. સૌ પ્રથમ ફૂલોની કવિતામાં તેમની પુષ્પપ્રીતીનો આહલાદક પરિચય થાય છે. એમણે ફૂલમય બનીને કાવ્યનું સર્જન કર્યું છે. જેમાં 'ફૂલ', 'પારાવારનાં ફૂલ', 'ઉપવનની ડાલી', 'એક ગુલાબ અને એક લોંગવુડ ગાર્ડન', 'એક્કેય એવું ફૂલ', 'ફૂલનો ફટકો', 'ગુલાબ' કાવ્યોમાં સૈંદર્યલક્ષી અને હૃદયસ્પર્શી નિરૂપણ થયું છે. એમની કવિતામાં ફૂલોનો વૈભવનું વર્ણન અને ફૂલોનો પ્રતીકાત્મક ઉપયોગ અને

અર્થચ્છાયાઓ પ્રગટાવી છે. એમણે ભાવમાધુર્ય દ્વારા સરળ અને અસરકારક રીતે આહલાદક રીતે નિરૂપણ કર્યું છે, તેની સવિગત ઉદહારણ સહિત યથાર્થતા તપાસી છે.

સૂર્ય વિષયક કાવ્યોમાં 'ફોકલેન્ડ રોડને જોતાં', 'અષાઢે', 'ઊંઘ', 'સૂર્યનો શબ્દ', 'અંધ' વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. સૂર્ય પ્રતીક તરીકે આવે છે અને સૂર્યના કારણે પ્રકૃતિમાં આવતી તાજગી અને મનોરમ દશ્યનું નિરૂપણ કર્યું છે. સૂર્યના તાપને મનુષ્ય મહેસુસ કરી શકે છે, તે દ્વારા માનવવેદનાનું નિરૂપણ કરવામાં આવ્યું છે અને તેનો સમાવેશ કર્યો છે.

'આંબલો', 'વૃક્ષ', 'કેળનાં પાન', 'લીલાં લીલાં ઝાડ', 'પ્હાડની ટોચે', 'લાવ થોડી વાર', 'બિન્દુ', 'પાનખર પાકી', 'હત્યા', 'પર્ણ' વગેરે વૃક્ષ વિષયક કાવ્યો નોંધપાત્ર જણાય છે. ઘણી જગ્યા પ્રકૃતિ પ્રતીક તરીકેના વિનિયોગ કરીને માનવહૃદયની લાગણીઓને વાચા આપી છે. મનુષ્ય પ્રકૃતિની વચ્ચે જ જન્મે છે અને મૃત્યુ પામે છે. પ્રકૃતિ માનવીના મનની ભાવનાને નવી દિશા અને પ્રેરણા પૂરી પાડે છે, તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે તેવા પ્રકૃતિકાવ્યોની સમીક્ષા કરી છે.

'ભરતી', 'પારાવારનાં ફૂલ', 'આ સમંદર.....', 'જોઉં', 'સમુદ્ર', 'સાગર' વગેરે જળવિષયક કાવ્યોનો સમાવેશ થયો છે. જળનું મોટું સ્વરૂપ દરિયો છે અને દરિયાને પ્રતીક તરીકે લઈ માનવીના સૌંદર્ય અને મનની પરિસ્થિતિનું સચોટ નિરૂપણ કરવામાં આવ્યું છે. આજના આ યુગમાં ઉપયોગિતાવાદી મનુષ્યની વાત કરી છે, તેની વિવેચના કરવામાં આવી છે.

'સવાર', 'આછી જાગી સવાર', 'અસલ બપોર', 'રજની અને મધ્યાહ્ન', 'અશબ્દ રાત્રિ', 'ગાલ્લું', 'તળાવભણી', 'અષાઢથી' વગેરે સવાર, બપોર, સાંજ વિષયક કાવ્યોમાં પ્રકૃતિના પ્રભાવક ચિત્રો પ્રાપ્ત થાય છે. પ્રિયકાન્ત મણિયારે પ્રકૃતિનું રોમાંચક દશ્ય પોતાની સૌંદર્યદષ્ટિથી નિરૂપણ કર્યું છે. તેથી એમની કવિતામાં સૈંદર્યલક્ષી અભિનિવેશ વર્તાય છે. એમની સર્જકપ્રતિભા એમના કાવ્યોમાં પ્રત્યક્ષ થાય છે.

'કબૂતરો', 'ખિસકોલીઓ', 'વિહંગ : સ્ટેશને', 'કૂકડો', 'તિતલી', 'મોર', 'અશ્વ', 'એક ગાય', 'હાથી', 'બળદ' વગેરે પશુ-પંખીની કવિતામાં વિશેષતા અસરકારક છે. પ્રિયકાન્ત મણિયારે એમાં સાંપ્રત અને અતીતની વાત કરીને ભાવસ્થિતિનું નિરૂપણ કર્યું છે. મનુષ્યની લાગણી મનોવેદના અને વાસ્તવિકતાની વાત કરી છે અને પ્રકૃતિની વચ્ચે જ મનુષ્ય રહે છે.જેથી પ્રકૃતિના પ્રતીક દ્વારા માનવમનની ભાવનાઓનું નિરૂપણ કર્યું છે, તેની પણ સમાલોચના કરી છે.

પ્રકૃતિના અન્ય તત્ત્વોની કવિતામાં 'ગીત એક ગાયું', 'દિવસે ડૂબું', 'વ્હાણું વાય', 'વાડનાં ફૂલ', 'પેન્સિલવેનિયાની ડોર્મેટરીમાં', 'કૃષ્ણ-રાધા' કાવ્યોમાં પ્રકૃતિ નિરૂપણ કર્યું છે. પ્રકૃતિ સૌંદર્ય અને માનવ

સૌંદર્ય મનભર માણીને આનંદની અનુભૈતિ કરે છે. પ્રકૃતિના સૌંદર્યસ્વાદની અધ્યાત્મિકતાની વાત કરી છે. વતન સ્નેહમાં પ્રકૃતિનું આકર્ષકરૂપનું ચિત્રણ કર્યું છે. એમણે 'કૃષ્ણ-રાધા' અને પ્રતીકરૂપે લઈ જીવાત્મા અને પરમાત્માની વાત કરી છે, તેની સમીક્ષા કરવાનો યથાર્થ પ્રયાસ કર્યો છે.

પ્રિયકાન્ત મણિયારે સ્વરૂપનાં મૂલ્યાંકનમાં સૌ પ્રથમ ગીત કાવ્ય સ્વરૂપનો સરળ વિનિયોગ કર્યો છે. કવિતામાં ગીતો જે તેમનો મોટાભાગનો હિસ્સો રોકે છે અને ત્યાર પછી ગઝલ વિષે નાનકડો ગુલદસ્તો આપ્યો છે. એમની પાસેથી સૉનેટ સ્વરૂપની રચના પણ સાંપડી છે. એમણે થોડાંક યાદગાર મુક્તકો અને લઘુકાવ્યો આપ્યાં છે. એમની રચનાઓમાં એમણે અછાંદસ પ્રયોગો ખૂબ જ ઉત્સાહથી કર્યા છે. અન્ય સ્વરૂપોની તુલનાએ પ્રિયકાન્તને ગીત સ્વરૂપ ફાવ્યું છે.

પ્રિયકાન્ત મણિયારનાં કાવ્યોમાં છંદ, અલંકાર, પ્રતીક, કલ્પન ઘટકતત્ત્વોનો ઉપયોગ જોવા મળે છે. છાંદસ કાવ્યોમાં એમણે નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. અલંકાર દ્વારા પ્રકૃતિ કાવ્યોમાં નવું સજીવારોપણ કર્યું છે. એમણે પોતાના કાવ્યોમાં કલ્પન દ્વારા પ્રકૃતિકાવ્યોને વધુ તાદૃશ રીતે નિરૂપણ કર્યું છે. પ્રકૃતિકાવ્યોમાં પ્રતીક દ્વારા સમગ્ર સમાજની અને મનુષ્યના બાહ્ય અને આંતરિક ભાવોનું નિરૂપણ કર્યું છે, તેની પણ સમીક્ષા કરવામાં આવી છે.

પ્રકરણ – ૭

:: ઉપસંહાર : તારણો અને ફલિતાર્થો ::

રાજેન્દ્ર શાહનું જીવન અને સાહિત્યસર્જન જેમાં બાર કાવ્યસંગ્રહોનો સમાવેશ થાય છે. કવિતામાં સુભગ પ્રકૃતિ-ચિત્રણ, પ્રણયભાવોની અનુભૂતિ, આધ્યાત્મભક્તિ, ચિંતન, લય-લઢણ, ભાવ, કલ્પનાના ઉંડાણ જોવા મળે છે. ગીતો છંબબદ્ધ રચનાઓ, છંદના પ્રયોગો સભર સૉનેટ, અછાંદસ કવિતાના આ કવિ મુખત્વે ગીત કવિ રહ્યા છે.

રાજેન્દ્ર શાહના ગીતોમાં જ લય પ્રયોગો થયા છે, તે ગુજરાતી ગીત કવિતાનું અવિસ્મરણીય જમા પાસું છે. એમણે તદ્‌ભવ અને તળપદા શબ્દોનો પણ બહોળો પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. એમનું છંદ પ્રભુત્વ અને એમની છંદસૂઝ પણ દાદ માગી લે તેવાં છે. એમની કવિતાનો અભિવ્યક્તિપક્ષ, આમ, કસબી કલાકારની સભાન સર્જકતાનો ધનિક છે. એમનાં કાવ્યોમાં અનુભૂતિની સચ્ચાઈ છે તો અભિવ્યક્તિની સફાઈ પણ છે. ગીતોમાં લયનું માધુર્ય અને બાનીનું સૌંદર્ય છંદોબદ્ધ કાવ્યો અલંકારોનું ઔચિત્વ અને કલ્પનાનો વૈભવ, કલ્પન-પ્રતીકનું સાર્થક આયોજન, આ બધું અમેની કવનસૃષ્ટિને અનન્ય અને અનશ્વર બનાવે છે.

નિરંજન ભગતના જીવન અને સાહિત્યસર્જનમાં એમના કાવ્યસંગ્રહોનો સમાવેશ થાય છે. એમનાં પ્રકૃતિકાવ્યોનું સરળ, સચોટ અને હૃદયસ્પર્શી નિરૂપણ કરવામાં આવ્યું છે. છંદબદ્ધ અને સુઘડ પ્રયોગો દ્વારા કાવ્યને રસપૂર્ણ બનાવીને ગુજરાતી સાહિત્યમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

નિરંજન ભગતની કવિતામાં પ્રતીક અને કલ્પનનો મહિમા એમણે સુઘડ પ્રયોગોથી સ્થાપી આપ્યો છે. એમનાં કાવ્યએ ગીત અને છંદબદ્ધ રચના વચ્ચેનો ભેદ લગભગ લુપ્ત કરીને પાશ્ચાત્ય વિભાવના મુજબ ગીતના નમૂના પુરા પાડ્યા. ગોઈ શકાય તે જ ગીત એવા ભ્રમ અભિનિવેશપૂર્વકક દૂર કર્યો છે. એમણે સુઘડએ સુદૃઢ બાંધાના સૉનેટ રચીને બ. ક. ઠાકોરની પરંપરાને સવિશેષ શોભાવી છે. અમેણે કલ્પનોની નવીનતાથી ગુજરાતી કવિતાને આધુનિકતાના મોડ પર લાવીને મૂકી છે.

ઉશનસ્‌ના જીવન કવન વિષયક માહિતી આપીને અમેનો પ્રકૃતિ પ્રત્યોનો અનન્ય પ્રેમ એમનાં કાવ્યો દ્વારા જાણી શકાય છે. પ્રકૃતિને ભક્તિ માનનારા પ્રકૃતિકવિ તરીકે આપણને પ્રકૃતિના સૌંદર્યનો પરિચય આપે છે. ઉશનસ્‌ને ગુજરાતી સાહિત્યના અનેક પ્રતિષ્ઠિત પુરસ્કારો એનાયત થયા છે.

ઉશનસ્‌ની કવિતાનાં પ્રધાન મૂળભૂત પ્રકૃતિ સૂરજ છે. એમની પ્રકૃતિભક્તિનું છંદ, અલંકાર, પ્રતીક, કલ્પન રૂપે સુંદર વૈવિધ્યસભર નિરૂપણ થયેલું જોવા મળે છે. એમના સૉનેટ ગુજરાતી કવિતાની રિદ્ધિ બન્યાં છે. એમણે આ ઉપરાંત સ્મૃતિકથા, લઘુનવલકથા, વિવેચન લેખો પણ આપ્યા છે. મોટેભાગે સંસ્કૃત વૃત્તોમાં અને મુખ્યત્વે સૉનેટ સ્વરૂપમાં છંદોબદ્ધ કવિતા સર્જીને સવિશેષ સિદ્ધહસ્ત સૉનેટકાર તરીકે આગવી સિદ્ધિ મેળવીને ગજરાતી સાહિત્યમાં મોખરાના કવિ તરીકે માન-સ્થાન પ્રાપ્ત કર્યું છે.

જયન્ત પાઠકના જીવન અને કવનનો સમાવેશ કરવામાં આવ્યો છે. એમનાં પ્રકૃતિકાવ્યોનું સુંદર રીતે નિરૂપણ કરીને એમની સર્જક પ્રતિભાનો પરિચય મળી રહે છે. પ્રકૃતિના તત્ત્વોનો અખૂટ મહામૂલો ખજાનો વૈવિધ્યસભર સ્વરૂપમાં ભાવકને પ્રાપ્ત થાય છે.

આ મૂર્ધન્ય કવિનાં સૉનેટ કાવ્ય, ગીતરચનાઓ, ગીત, ગઝલ, છાંદસ-અછાંદસ કાવ્યોમાં સ્વરૂપ-વૈવિધ્ય ખાસ ધ્યાન ખેંચે છે. પ્રકૃતિ, પ્રણય, વતન પ્રેમ ઉપરાંત વૃદ્ધાવસ્થા, મૃત્યુ, ચિંતન, અધ્યાત્મ જેવા અનેક વિષયોનો કાવ્યમાં ઉલ્લેખ કર્યો છે. એમંના કાવ્યોમાં વિષયવૈવિધ્ય, સ્વરૂપવૈવિધ્ય, છંદવૈવિધ્ય, રીતિવૈવિધ્ય વગેરે સાથે સૂક્ષ્મ સંવેદનશીલ હૃદયના સૂક્ષ્મ સ્પંદનો, ભાવો, સંવેદનો અને વિચારોની કવિતામાં અભિવ્યક્તિ સાધી છે.

પ્રિયકાન્ત મણિયારનું જીવન અને સાહિત્યસર્જન જેમાં સાત કાવ્યસંગ્રહોનો સમાવેશ થાય છે. પ્રિયકાન્ત પ્રકૃતિરસિક અને હૃદયસ્પર્શી કવિ છે.

પ્રિયકાન્ત મણિયારે સ્વરૂપનાં મૂલ્યાંકનમાં સૌ પ્રથમ ગીત કાવ્ય સ્વરૂપનો સરળ વિનિયોગ કર્યો છે. કવિતામાં ગીતો તેમનો મોટાભાગનો હિસ્સો રોકે છે અને ત્યાર પછી ગઝલ વિશે નાનકડો ગુલદસ્તો આપ્યો છે. સૉનેટ સ્વરૂપની રચના પણ સાંપડી છે. મુક્તકો અને લઘુકાવ્યો પણ આપ્યાં છે. એમના કાવ્યો છંદ, અલંકાર, પ્રતીક, કલ્પન, ઘટકતત્ત્વોનો ઉપયોગ જોવા મળે છે. છાંદસ કાવ્યોમાં એમણે નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. અલંકાર દ્વારા પ્રકૃતિ કાવ્યોમાં નવું સજીવારોપણ કર્યું છે. પ્રકૃતિકાવ્યોમાં પ્રતીક દ્વારા સમગ્ર સમાજની અને મનુષ્યના બાહ્ય અને આંતરિક ભાવોનું નિરૂપણ કર્યું છે.

આ શોધનિબંધના અંતિમ ચરણમાં શોધ અભ્યાસમાં સહાયરૂપ એવા સંદર્ભગ્રંથો તથા સામયિકોની સૂચિનું આલેખન કરી શોધનિબંધનું સમાપન કરવા વિચાર્યું છે.

અસ્તુ.

સુરત,
તા. / / ૨૦૧૪

(દર્શનાકુમારી એચ. પટેલ)
અધ્યેત્રી

(ડૉ. હિતેન્દ્ર જોશી)
માર્ગદર્શક